### મસૂદ અઝહર પર પ્રતિબંધથી કોંગ્રેસ દુઃખી

# મસૂદ પ્રતિબંધ એ ભારત તેમજ વડાપ્રધાન મોદીની મોટી રાજદ્વારી જીત : નાણાંપ્રધાન

ન્યુ દિલ્હી,તા.૨

મસૂદ અઝહરને સંયુક્ત રાષ્ટ્રમાં વૈશ્વિક આતંકવાદી જાહેર કરવાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નિર્ણાયક પગલું ગણાવતા ભાજપે આને દેશ માટે ગૌરવ સમાન ગણાવ્યું હતું. નાણાં મંત્રી અરૂણ જેટલીએ તેમજ રક્ષા મંત્રી નિર્મલા સિતારમને આને દેશ માટે ગર્વ તેમજ વિજયની પળ ગણાવી હતી. કોંગ્રેસ તેમક્ષ વિપક્ષની પ્રતિક્રિયાઓને ટાંકીને જેટલીએ જણાવ્યું કે વિપક્ષ આને રાજકીય મુદ્દા તરીકે જુએ છે.

જૈશ-એ-મોહમ્મદના વડાને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવામાં આવતા કોંગ્રેસે આમાં પુલવામાં હુમલાનો ઉલ્લેખ નહીં કરાયો હોવાનું જણઆવતા સવાલો ઊભા કર્યા હતા. આ બાબતે નાણાં મંત્રીએ જણાવ્યું કે, 'વિપક્ષના કેટલાક મિત્રોને લાગે છે કે જો આ વિજયની પળમાં સામેલ થઈશું તો પાછળથી તેની મોટી રાજકીય કિંમત ચૂકવવી પડશે. આ જ કારણથી સર્જિકલ સ્ટ્રાઈક વિશે તેઓ પણ જણાવે છે કે તેમણે પણ અદ્રશ્ય સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી. બાલાકોટમાં મળેલી સફળતા અંગે તેઓ સંદેહ કરી રહ્યા છે.'

વિપક્ષને સકારાત્મક અભિગમ અપનાવવા માટે જેટલીએ અપીલ કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું કે, 'જે પ્રસાયમાં દેશ હતો તેને ૧૦ વર્ષ બાદ સફળતા મળી છે અને તેને પણ કેટલાક લોકો તુચ્છ બાબત ગણાવી રહ્યા છે.'

જેટલીએ મસૂદને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવાનો જશ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આપ્યો હતો. તેમણે જણાવ્યું કે, 'આ આતંકવાદ સામેની લડાઈ માટે સૌથી મોટી તક ગણાશે. દરેક ભારતીય માટે આ ગર્વની બાબત છે. સમગ્ર દેશમાં સરકાર અને વડાપ્રધાન મોદીની પ્રશંસા થઈ રહી છે. દેશ જીતે છે ત્યારે દરેક ભારતવાસી પણ જીતે છે.'

# પાવાગઢ રોડ પર ઝાડ સાથે અથડાતા શહેરના બાઈક સવારનું મોત

વડોદરા, તા.૨

ગોરવા રીફાઈનરી રોડ પર રહેતા ૨૮ વર્ષના યુવાનને પાવાગઢ રોડ પરના ભાટ ગામ નજીક ઝાડ સાથે બાઈક અથડાવવાનો અકસ્માત નડતા તેનું મોત નિપજ્યું હતું.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ ગોરવા રીફાઈનરી રોડ પર આવેલ નર્મદા નગર-૨ માંમાં રહેતો મનહર મફતભાઈ પરમાર (ઉ.વ.૨૮) ગઈકાલે બાઈક ઉપર પાવાગઢ જતો હતો. તે પાવાગઢ રોડ પર પુરછડપે પસાર થતો હતો. એ દરમ્યાન ભાટ ગામ નજીક મનહર પરમારે બાઈક પર અગમ્ય કારણસર કાબુ ગુમાવતા બાઈક ઝાડ સાથે અથડાયા હતા.જેમાં બાઈક સવાર મનહર પરમારને ગંભીર ઈજાઓ થઈ હતી. ગંભીર ઈજાઓને કારણે તેને જાંબુઘોડા ખાતે આવેલા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો હતો. જ્યાં પ્રાથમિક સારવાર અગમ્ય સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. જ્યાં તેનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. અકસ્માત મોતના બનાવની જાણ પાવાગઢ પોલીસને કરવામાં આવી હતી.

# જમીન વેચવા બાબતે પિતા પુત્રનો હુમલો થતા પાડોશીને ઈજા

વડોદરા, તા.૨

શહેરના વિવિધ સ્થળોએ મારામારીના બનાવમાં ત્રણ શખ્સોને ઈજા થઈ હતી. બાપોદ અને ગોરવા પોલીસ મથકે ગુનો દાખલ કરવીામાં આવ્યો હતો. આજવા રોડ જયા યોગેશ્વર ટાઉનશીપમાં રહેતા વિવેક સુમનભાઈ પટેલ રાત્રીના સમયે ઘર નજીક પાનના ગલ્લે ઉભા હતા. ત્યારે કમલેશ ગઢવી રવી ગઢવી, ભુરીયો પછી આવ્યા હતા. રાહુલ ગઢવીએ બીભત્સ ગાળો ભાંડીયા પછી વિવેક પટેલને એવું કહ્યું કે, તારી દાદાગીરી વધી ગઈ છે. ત્યારબાદ કમલેશ ગઢવીએ ક્રિષ્ના હથિયાર વડે હુમલો કરતા વિવેક પટેલને કપાળના ભાગે ઈજા થઈ હતી. ભુરીયા એ ગડદાપાટુનો માર માર્યો હતો. ત્યાર પછી ત્રણેય હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. બાપોદ પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

બીજા બનાવમાં ગોરવા રાજીવનગર ખાડામાં રહેતા દિલ જાન બચુભાઈ શેખની બાજુમાં શમશાદ પઠાણ રહે છે ઘરની નજીક જમીન વેચવા કાઢી હતી. જમીનનો શોદો કરવા આવતી વ્યક્તિને પાડોશી સમશાદ ખાન પઠાણ અને તેમના પત્ની જાનવર બેગમ ના પાડી દે છે બુક જમીનના સોદા અંગે થતી વાતચિતના કારણે બબાલ થતી હતી. બચુભાઈ શેખ જમીન સારી હોવાનું કહે છે તો પાડોશી તફશફા બેગમ પઠાણ રોજ નોંધાતા હોય બન્ને પરિવાર વચ્ચે તકરાર થતી હતી.ગત તારીખ ૩૦મીના રોજ રાત્રે ઘરની બહાર સુતા હતા. ત્યારે શમશાદ ઉર્ફે પપ્પુ સુબેદાર પઠાણ અને તેમનો પુત્ર સલમાન અચાનક ધસી આવ્યો હતો. ગાળો ભાંડયા પચી સલમાન પઠાણ લોખંડની પાઈપ વડે હુમલો કરતા અચ્છુભાઈ શેખને ઈજા થઈ હતી. રાત્રીના સમયે હુમલાના બનાવને પગલે ભાગદોડ મચી હતી. ગોરવા પોલીસ મથકે હુમલાના બનાવ અંગે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# ધોરણ-૧૨ સાયન્સનું પરિણામ ૯ મેના રોજ જાહેર થશે

ગાંધીનગર,તા.૨

ગુજરાત રાજ્ય ઉચ્ચતર શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના પરિણામની જાહેરાત કરવામાં આવી છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૯મી મેના રોજ જાહેર થશે. ગુજરાત રાજયમાંથી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ સાથે ફાર્મસી અને એન્જિનિયરીંગના ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે લેવાયેલી ગુજકેટની પરીક્ષાના પરિણામ પણ જાહેર થશે. વિદ્યાર્થીઓ ગુજરાત બોર્ડની વેબસાઈટ પરથી સવારે ૮.૦૦ વાગ્યાથી પરિણામ મેળવી શકશે.

ગુજરાત રાજયમાંથી ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષા સાથે લેવાયેલી ગુજકેટની પરીક્ષામાં એ,બી અને એબી ગ્રુપમાં વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. સરકાર દ્વારા નકકી કરાયું છે કે ગુજકેટના પરીક્ષાના પરિણામ પણ ૯મી મેના રોજ જ જાહેર થશે. ૨૬મી એપ્રિલના રોજ યોજાયેલી ગુજકેટની પરીક્ષામાં રાજયના ૬૦૭ કેન્દ્રો પર ૧,૩૪,૮૪૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

### ૪૯૯ ગુણ સાથે બે વિદ્યાર્થીનીઓ પ્રથમ રહી

# સીબીએસઇ ધો. ૧૨નું પરિણામ જાહેર ઉ. પ્રદેશની બે વિદ્યાર્થીનીએ બાજી મારી

ન્યુ દિલ્હી,તા.૨

૨૦૧૯ની લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ વખતે સીબીએસઇની પરીક્ષા વહેલી લેવામાં આવી હતી અને ગુરુવારે સીબીએસઇના ધોરણ-૧૨ના પરિણામ જાહેર કરાયા હતા. સીબીએસઇએ એક સાથે તમામ ૧૨ ઝોનના પરિણામ જાહેર કરી દીધા છે. ધોરણ-૧૨માં ૧૩ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૮૩.૪ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે. સૌથી વધુ પરિણામ કેરળના ત્રિવેન્દ્રમનું છે. જ્યાં ૯૮.૨ ટકા વિદ્યાર્થી પાસ થયા છે. બીજા સ્થાને ૯૨.૯૩ ટકા સાથે ચેન્નાઇ છે, દિલ્હી ૯૧.૭૮ ટકા સાથે ત્રીજા ક્રમે છે. ગાઝિયાબાદની હંસિકા શુક્લા અને મુઝફ્ફરનગરની કરિશ્મા અરોરાએ સંયુક્ત રીતે ટોપ કર્યું છે. બંનેએ ૫૦૦માંથી ૪૯૯ માર્ક મેળવ્યા છે. બીજા ક્રમે ઋષિકેશની ગૌરાંગી ચાવલા, રાયબરેલીની એશ્વર્યા અને જિંદ(હરિયાણા)ની ભવ્યા છે. જેમણે ૪૯૮ માર્ક મેળવ્યા છે. ત્રીજા સ્થાને કુલ ૧૮ વિદ્યાર્થી છે જેમાંથી ૧૧ છોકરીઓ છે.હંસિકાએ પોલિટિકલ સાયન્સ, સાયકલોજી અને હિન્દુસ્તાની વોકલ્સમાં ૧૦૦માંથી ૧૦૦ માર્ક મેળવ્યા છે. જ્યારે અંગ્રેજીમાં ૧૦૦માંથી ૯૯ માર્ક મેળવ્યા છે. હંસિકાએ જણાવ્યું હતું કે, તેણે અભ્યાસ માટે કોઇપણ ટ્યુશન લીધા નથી. તેણે પરીક્ષાની તૈયારી જાતે જ કરી હતી.

# મુલાયમ સિંહને વડાપ્રધાન બનવાનું સન્માન મળવું જોઈએ : અખિલેશ

લખનૌ,તા.૨

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે ગુરુવારે તેમના પિતા અને સમાજવાદી પક્ષ (સપા)ના સંરક્ષક મુલાયમ સિંહ યાદવને વડાપ્રધાન પદ માટે યોગ્ય નેતા ગણાવ્યા છે. અખિલેશે કહ્યું કે નેતાજીને આ સન્માન મળે તો બહેતર રહેશે.

એક મુલાકાતમાં તેમને પૂછવામાં આવ્યું કે શું ભૂતપૂર્વ સંરક્ષણ મંત્રી આગામી વડાપ્રધાન પદના ઉમેદવાર હશે. તો અખિલેશે જવાબ આપ્યો કે જો નેતાજીને આ સન્માન મળે (વડાપ્રધાન બનવાનું) તો તે સારી વાત કહેવાશે પરંતુ મને લાગે છે કે કદાચ તેઓ વડાપ્રધાન પદની રેસમાં નથી.

અખિલેશે અગાઉ સંકેત આપ્યો હતા કે બસપા સુપ્રીમો અને ગઠબંધનમાં તેમના સહયોગી માયાવતી માટે આ પદ છોડી દેશે. સાથે તેમણે જણાવ્યું હતું કે ગઠબંધન જ દેશને આગામી વડાપ્રધાન આપશે.માયાવતી પણ તેમની રાષ્ટ્રીય મહત્ત્વાકાંક્ષાઓ અંગે કોઇ સ્પષ્ટ સંકેત આપી રહ્યા નથી. ગયા મહિને ચૂંટણી દોડથી બહાર થયા પછી તેમણે કહ્યું હતું કે વડાપ્રધાન બનવા માટે સાંસદ બનવું જરૂરી નથી. વડાપ્રધાન પદ માટે તેમની મહત્વાકાંક્ષાઓને છેલ્લા થોડા સમયથી અખિલેશ પણ ટેકો આપી રહ્યા છે. અખિલેશે કહ્યું પણ હતું કે આગામી વડાપ્રધાન ઉત્તર પ્રદેશમાંથી બને તો તેમનાથી વધુ ખુશ કોઈ નહીં હોય.

ભાજપ સત્તામાં નહીં આવે તો દેશના આગામી વડાપ્રધાન કોણ હશે તેવા પ્રશ્નનો ઉત્તર આપતાં અખિલેશે જણાવ્યું હતું કે ઘણા રાજયોમાં ગઠબંધનનો વિકલ્પ છે પરંતુ ભાજપ પાસે કોઈ અન્ય નેતા નથી. અમારું ગઠબંધન ભારતને એક નવા વડાપ્રધાન આપવા માગે છે. મારો પક્ષ વડાપ્રધાન વિશે અંતિમ બેઠકોની ગણતરી સમાપ્ત થઈ જશે ત્યાર બાદ નિર્ણય લેશે.

### દિલ્હી હાઈકોર્ટનો ચૂંટણી પંચને આદેશ

# રાજકીય પક્ષના ખર્ચના નિયમનની સત્તા અંગે સોગંદનામુ દાખલ કરો

ન્યુ દિલ્હી,તા.૨

રાજકીય પક્ષો તેમના દ્વારા કરવામાં આવેલા ખર્ચની જાહેરાત કરે તેને લગતી માર્ગદર્શિકાનો અમલ થાય તેની ખાતરી કરવાની તેમની સત્તા અંગે જાણકારી આપતું સોગંદનામું દાખલ કરવાનો દિલ્હી હાઈ કૉર્ટે બુધવારે ચૂંટણી પંચને આદેશ આપ્યો હતો.

ન્યાયાધીશ રાજેન્દ્ર મેનન અને ન્યાયાધીશ એ. જે. ભામ્ભાનીએ સોગંદનામું રજૂ કરવાની ચૂંટણી પંચને છેલ્લી તક આપી હતી અને કહ્યું હતું કે જો ચૂંટણી પંચ એમ કરવામાં નિષ્ફળ જશે તો કૉર્ટ આદેશ બહાર પાડશે.

આ બાબત છેલ્લાં પાંચ વર્ષથી અનિર્ણિત પડી રહી હોવાની તેમ જ આ મામલે સોગંદનામું દાખલ કરવા ચૂંટણી પંચને ફેબ્રુઆરીમાં આદેશ આપવામાં આવ્યો હોવા છતાં હજુ સુધી તેમણે તેનો અમલ ન કર્યો હોવાની કૉર્ટે નોંધ લીધી હતી. અરજકર્તા એનજીઓ અસોસિયેશન ફૉર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) વતી કૉર્ટમાં હાજર રહેલા ઍડવોકેટ અરવિંદ નિગમે દલીલ કરી હતી કે રાજકીય પક્ષો આવકવેરાનું રિટર્ન ફાઈલ નથી કરતા, પરંતુ છૂટનો દાવો કરે છે માટે આ મામલે દરમિયાનગીરી કરવી જરૂરી છે. આ મામલે આગામી સુનાવણી માટે ૧૬ જુલાઈ મુકરર કરવામાં આવી છે.

# ગઢડા મંદિર ચૂંટણી મામલે વિવાદ થતાં હજારો હરિભકતો નારાજ

બોટાદ,તા.૨

બોટાદ જિલ્લા સ્થિત પ્રસિદ્ધ ગઢડા ગોપીનાથજી સ્વામિનારાયણ મંદિરની ચૂંટણી ફરી એકવખત મતદારોની યોગ્યતાના મામલે વિવાદમાં આવ્યું છે. મંદિરના એસ.પી.સ્વામીએ એક નિવેદન મારફત જણાવ્યું હતું કે, ×આ ચૂંટણીમાં સૌથી મોટી સમસ્યા એ છે કે મતદાર યાદીમાં જે લોકો ના નામ છે તે ગઢડા સ્વામીનારણ મંદિરના હરિ ભક્તો નથી. મતદાર યાદીમાં ૩૦ ગામના એવા હરિ ભક્તો છે જેમના ગામમાં જ મંદિર નથી. જે હરિભક્ત વર્ષે ૨૫ રૂપિયા અને સતત ૫ વર્ષથી પૈસા ભરે છે તેમને જ મતાધિકાર મળે છે. ચૂંટણીના નિયમ પ્રમાણે જે મતદાર તરીકે ન આવતા હોય તેમને મતદાર બનાવમાં આવે તેને ન્યાયિક ન કહેવાય. સ્વામિનારાયણ સંપ્રદાયનના હરિભક્તોને હું કહું છું કે તમારે ભગવાનને રાજી કરવાના હોય તો ખોટું ન કરતા. ગઢડા મંદિરમાં ૧૯૨૨ થી ચૂંટણી થાય છે.પરંતુ અત્યારે જે ચૂંટણી થાય છે તેમાં મંદિર અને ટ્રસ્ટની જે આવક છે તેના પર કેટલાકની નજર છે.બીજી તરફ હાલના ગઢડા મદિરના કોઠારી અને મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ દ્વારા કાચી મતદાર યાદી ચૂંટણી અધિકારીને રજુ કરવામાં આવી હતી. આ સિવાયના વાંધા મંગાવવા પણ ટ્રસ્ટને ૧૫ દિવસમાં વાંધા અરજી મંગાવવા જણાવાયું હતું.૧૦ વર્ષથી ચૂંટણીને લઈ આચાર્ય પક્ષ અને દેવ પક્ષ વચ્ચે વિવાદ ચાલતો હતો. પરંતુ હવે ચૂંટણી યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે આ ચૂંટણી તારીખ ૫-૫-૨૦૧૯ના રોજ રવિવારે મતદાન યોજાશે.

### પ્રજ્ઞાન રોવર પર આધારિત છે : ૧૫ મિનિટમાં ડેટા પ્રાપ્ત થશે

# ૧૧ વર્ષ બાદ ઈસરો ચંદ્રયાન-૨ને ૯થી ૧૬ જુલાઈ વચ્ચે લોન્ચ કરશે

ન્યુ દિલ્હી,તા.૨

ભારતીય અવકાશ એજન્સી ઈસરો ૧૧ વર્ષ પછી ફરી એક વાર ચંદ્રની સપાટી પર પહોંચવા માટે તૈયાર છે. ઈસરોએ ટ્વીટ પર માહિતી આપી હતી કે તે ચંદ્રયાન-૨ને નવથી ૧૬ જુલાઈ વચ્ચે છોડશે. ઈસરોને આશા છે કે ચંદ્રયાન-૨ ચંદ્ર પર છઠ્ઠી સપ્ટેમ્બરે ઉતરશે. ચંદ્રયાન-૨ના ત્રણ ભાગ છે જેનું નામ ઓર્બિટર, લેન્ડર (વિક્રમ) અને રોવર (પ્રજ્ઞાન) છે. આ પ્રોજેક્ટની કિંમત ૮૦૦ કરોડ રૂપિયા છે. નવથી ૧૬ જુલાઈ વચ્ચે પૃથ્વીથી ચંદ્રનું અંતર ૩૬૩,૭૨૬ કિ.મી. આસપાસ રહેશે. જો મિશન સફળ થયું તો અમેરિકા, રશિયા, ચીન પછી ભારત ચંદ્ર પર રોવર ઉતારનારો ચોથો દેશ હશે.

ચંદ્રયાન-૨ ઈસરોના સૌથી શક્તિશાળી રોકેટ જીએસએલવી માર્ક-૩ પૃથ્વીની કેટેગરીની બહાર છોડવામાં આવશે. બાદમાં તેને ચંદ્રના વર્ગમાં પહોંચાડવામાં આવશે. લગભગ ૬૦ દિવસ પછી ચંદ્રયાન-૨ ચંદ્રના વર્ગમાં પહોંચશે. ત્યારબાદ લેન્ડર (વિક્રમ) ચંદ્રની સપાટી પર ઉતરશે. ત્યાર બાદ રોવર (પ્રજ્ઞાન) તેમાંથી નીકળીને વિવિધ પ્રયોગ કરશે. તો ઓર્બિટર ચંદ્રના ચારે તરફ ચક્કર લગાવતા લેન્ડર અને રોવર પર ધ્યાન રાખશે. આ સાથે રોવરથી મળેલી માહિતી ઈસરો કેન્દ્રમાં મોકલશે.

ચંદ્રયાન-૨નું ઓર્બિટર ચંદ્રથી ૧૦૦ કિ.મી. ઉપર ચક્કર લગાવી લેન્ડર અને રોવરથી પ્રાપ્ત માહિતીને ઈસરો કેન્દ્ર પર મોકલશે. સાથે જ ઈસરોથી મોકલેલા આદેશોને લેન્ડર અને રોવર સુધી પહોંચાડશે. તેને હિંદુસ્તાન એરોનોટિક્સ લિ. દ્વારા બનાવીને ૨૦૧૫માં જ ઈસરોને સોંપવામાં આવ્યું હતું.

૨૭ કિલોના આ રોબોટ પર જ આખા મિશનની જવાબદારી છે. ચંદ્રની સપાટી પર આ લગભગ ૪૦૦ મીટરનું અંતર નક્કી કરશે. આ દરમિયાન તે વિવિધ વૈજ્ઞાનિક પ્રયોગ કરશે. જાણો ... ચંદ્રાયન-૨ વિશે મિશન કેટલા દિવસનું: ઓર્બિટર- એક વર્ષ, લેન્ડર (વિક્રમ) - ૧૫ દિવસ, રોવર (પ્રજ્ઞાન)- ૧૫ દિવસ મિશનનું કુલ વજન: ૩૮૭૭ કિ.ગ્રા ઓર્બિટર- ૨૩૭૯ કિલોગ્રામ, લેન્ડર (વિક્રમ) - ૧૪૭૧ કિલોગ્રામ, રોવર (પ્રજ્ઞાન) - ૨૭ કિલોગ્રામ ઓર્બિટર: ચંદ્રથી ૧૦૦ કિ.મી. ઉપર ઈસરોનું મોબાઈલ કમાન્ડ સેન્ટર

# દેશમા પોલીસ પ્રત્યે આમજનતામા કેવી છાપછે તે અંગે સમગ્ર દેશમા થઈ રહ્યુછે સર્વેક્ષણ

નવી દિલ્હી તા.૨

દેશમાં પોલીસ પ્રત્યે લોકોનું શું માનવું છે અને લોકો પોલીસ પાસે શું ઇચ્છે છે તેને લઇને સમગ્ર દેશમાં સરકાર એક સર્વે કરાવી રહી છે. ગઇકાલે આ સર્વેની શરૂઆત થઇ છે.

સરકારે આ દિશામાં લાખો લોકો પાસેથી ફિડબેક લેવાનું શરૂ કર્યુંર છે. ૯ મહિનામાં આ સર્વેને પૂરો કરી સરકારને એક વિસ્તૃત રિપોર્ટ સોંપવાનો અકિલા છે ફિડબેકના આધાર પર સરકાર પોલીસમાં સુધારા કરશે. સરકારનો દાવો છે કે આ આધાર પર પોલીસ વ્યવસ્થામાં આ અત્યાર સુધીનો સૌથી મોટો બદલાવ હશે. સર્વે દેશના ૧૭૩ જિલ્લાના ૧.૨૦ લાખ પરિવારો વચ્ચે થશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સર્વેમાં એફઆઇઆર કરવાની જટિલતાથી લઇને પોલીસ તપાસ સુધીની પ્રક્રિયામાં પેચીદગી સુધીના પ્રશ્ને લોકોના મત લેવાશે. મંત્રાલયના જણાવ્યા પ્રમાણે સર્વે બાદ તેમાં ધરખમ ફેરફારો થશે.

આ સર્વેમાં પોલીસ કર્મચારીઓને પણ તેમની સ્થિતિ અંગે પુછાણ થશે. અનેક પોલીસ કર્મચારીઓએ સ્વીકાર કર્યો છે કે અમે તનાવને કારણે લોકો સમક્ષ સારી રીતે આવી શકતા નથી.

# ભાજપ અને કોંગ્રેસની વિચારધારા અલગ, કયારેય ગઠબંધન નહીં થાય : પ્રિયંકા ગાંદી

રાયબરેલી,તા.૨

લોકસભાની ચુંટણીનાં ચાર તબક્કા પૂર્ણ થઇ ગયા છે ત્યારે એકબીજા ઉપર આરોપ-પ્રત્યારોપ સતત વધી રહ્યા છે. બીએસપી સુપ્રિમો માયાવતીએ હવે પ્રિયંકા ગાંધી પર આરોપ લગાવતા કહ્યુ છે કે, તે બીજેપીને મદદ પહોચાડી રહી છે. જેના જવાબમાં કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ કહ્યુ કે, હુ ક્યારે પણ તે વિનાશક વિચારધારાની સાથે સમાધાન કરીશ નહી.

પ્રિયંકાએ માયાવતીને જવાબ આપતા કહ્યુ કે, હુ મારો જીવ આપી દઇશ પણ તેમની મદદ ક્યારે નહી કરુ. તેણે વધુમાં કહ્યુ કે, હુ આ વાતોથી હટીને ૨૦૧૯ અને ૨૦૨૨ને જોઇ રહી છુ. તેણે કહ્યુ કે, આ વિચારધારાની લડાઇ છે. આ દેશ માટે, આ લોકતંત્ર માટે, લોકતંત્રને બચાવવા માટે, લોકતાંત્રિક સંસ્થાઓને બચાવવા અને તેને સુરક્ષિત રાખવાની લડાઇ છે. આ તે દેશ માટેની લડાઇ છે જેને આપણે પ્રેમ કરીએ છીએ.

જ્યારે આ બાબતે અખિલેશ યાદવે પણ કહ્યું હતું કે, કોઈ પણ પાર્ટી ક્યારેય નબળો ઉમેદવાર ઊભા રાખતા નથી. યુપીમાં મહાગઠબંધનને કોઈ કંન્ટ્રોલ નહીં કરી શકે. યુપીમાં લોકો કોંગ્રેસની સાથે નથી કારણ કે ભાજપ અને કોંગ્રેસ બંને એક જ છે.

# એક તરફ વૃક્ષારોપણનાં નારા અને બીજી બાજુ તંત્રની મંજુરીથી વૃક્ષોનું નિકંદન

અમદાવાદ,તા.૨

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં ગ્રીનરી માત્ર ૫.૨૫ ટકા હોઇ તેમાં વધારો કરવાના બણગાં દર વર્ષે ફૂંકાય છે. દર ચોમાસામાં લાખો રૂપિયાના ખર્ચે ટ્રી ગાર્ડ ખરીદાય છે અને મ્યુનિ. તિજોરીમાંથી વૃક્ષારોપણ માટે પાણીની જેમ પૈસા વપરાય છે. પરંતુ આમાં આઘાતજનક બાબત એ છે કે, ખુદ તંત્ર દ્વારા વિભિન્ન પ્રોજેકટો માટે છેલ્લાં પાંચ વર્ષમાં ૪૦૪૮ લીલાંછમ વૃક્ષો કાપી નંખાયાં છે.શહેરમાં ખાડિયા જેવા વિસ્તારમાં નહીંવત હરિયાળી છે તો એક સમયના લીલાંછમ યુનિવર્સિટી વિસ્તારમાંથી હરિયાળાં વૃક્ષો ઓછાં થતાં જાય છે. હવે ગ્યાસપુરમાં સૌથી વધુ વૃક્ષો છે. આમ તો અમદાવાદ ગ્રીનરીના મામલે રાજ્યના વડોદરા, રાજકોટ અને ભાવનગર કરતાં પણ પાછળ છે. અમદાવાદ કરતાં રાજકોટમાં ગ્રીનરી વધારે છે. માત્ર સુરત વૃક્ષોનાં મામલે અમદાવાદ કરતા પાછળ છે. શહેરને લીલુંછમ બનાવવા તંત્રએ પાંચ લાખ નાના રોપા, ઉપરાંત પાંચ લાખ મોટા રોપા વાવવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. કુલ દસ લાખ રોપાથી અમદાવાદને હરિયાળું બનાવાશે. બીજી તરફ ખુદ તંત્રની સંમતિથી છેલ્લાં ૫ વર્ષમાં કુલ ૪૦૪૮ લીલાંછમ વૃક્ષોનો ખુડદો બોલાવાયો છે. બીઆરટીએસ, મેટ્રો રેલ અને હાઈવે જેવા પ્રોજેકટના કારણે લીમડા, પીપળા, કણજી, ગુલમોર, આંબલી, ગુંદો, વડ, કાસીંદ, સપ્તપર્ણી, ગરમાળો વગેરે લીલાંછમ વૃક્ષોને કાપી નખાયાં છે.


INEOS STYROLUTION
Driving Success. Together.

**INEOS STYROLUTION INDIA LIMITED**

Registered Office : 5th Floor, OHM House II, OHM Business Park, Subhanpura, Vadodara - 390023, Gujarat.
CIN: L25200GJ1973PLC002436
Tel. No. : +91 265 2303201 Fax No : +91 265 2303203
E mail : INSTY.secshare@ineos.com Website : www.ineosstyrolutionindia.com

**NOTICE**

In compliance with provisions of Regulation 47, read with Regulation 29, of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015, notice is hereby given that a meeting of Board of Directors of the Company will be held on **Thursday, May 16, 2019**, to, inter alia, approve the audited financial results of the Company for the fourth quarter and financial year ended on March 31, 2019.

The said notice is also available on the website of the Company at www.ineosstyrolutionindia.com as well as on the websites of Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com, where the equity shares of the Company are listed.

By order of the Board
For INEOS Styrolution India Limited
Sd/-
Abhijaat Sinha
Head - Legal & Company Secretary

Date : May 02, 2019
Place : Vadodara



GRUH FINANCE LIMITED
We help you build homes

Regd. Off. : 'GRUH' Netaji Marg, Nr. Mithakhali Six Roads, Ellisbridge, Ahmedabad-6.
Phone : +91-79-26421671-75
CIN : L65923GJ1986PLC008809

**SYMBOLIC POSSESSION NOTICE**

NOTICE is hereby given under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 and exercise of powers conferred under Section 13(12) read with Rule 9 of the Security Interest (Enforcement) Rules, 2002, the Authorized Officer issued demand notice on the date mentioned against the account stated hereinafter calling upon them to repay the amount within 60 days from the date of receipt of said notice.

The borrower having failed to repay the amount, notice is hereby given to the borrower and the Public in general that the undersigned has taken Symbolic possession of the property described herein below in exercise of powers conferred upon him under Section 13(4) of the said Act read with Rule 9 of the said Rules on the date mentioned against each account.

The borrower in particular and the Public in general is hereby cautioned not to deal with the property and any dealing with the property will be subject to the charge of GRUH Finance Limited for the amounts and interest thereon.

The Borrower's attention is invited to the provisions of sub-section (8) of Section 13 of the Act, in respect of time available, to redeem the secured asset

| Name of borrowers and Loan Account No. | Description of the Property Mortgaged (Secured assets) | Date of Demand Notice | Date of Possession Notice | O/s Amount as on date of demand notice |
|---|---|---|---|---|
| Mr. Halubhai Maganbhai Rabari Mrs. Shantaben Halubhai Rabari A/c No. : 301/9575 | All that part and parcel of the immovable property situated at R.S.No. 1202/3, Plot No. 46, Vrundavan Park Society, Opp. Pathar Factory, Juna Bazar, At-Karjan, Dist-Vadodara | 11.02.2019 | 27.04.2019 | Rs.12,91,244.94 |

Place : Vadodara
Date : 03/05/2019

Authorised Officer
GRUH Finance Limited